(૧) સદરહું કામે વાદી તફે હાલની અરજી સીવીલ પ્રોસીજર કોડ ની કલમ–૭૫ અને ઓર્ડર ૨૬ રૂલ–૯ મુજબ કોર્ટ કમીશ્નર નીમવા ની અરજી આપી જણાવેલછેકે, પ્રતિવાદીને તેઓની જમીન ઉપર જવા આવવા માટે કાયમી અને વૈકલ્પીક રસ્તો મોજુદ અને ચાલુ હાલતમાં છે તેમ છતાં વાદીની જમીનમાં નવો રસ્તો ઉભો કરવા કોશીષ કરેલી તે કારણે હાલનો દાવો પડતરછે.

(૨) વધુમા વાદી ના વિ.વ.શ્રી તેઓની અરજીમા જણાવેલછેકે, પ્રતિવાદીઓને તેમની જમીન અનુક્ર મે બ્લોક ન.૩૭૭ અને ૩૬૩ વાળી જમીન ઉપર જવા આવવા માટે કાયમી અને વર્ષો જુનો કાચી ધરેડનો રસ્તો વટારીયા ગામની ઉતર બ્લોક ન.૪૩૨/અ ,૪૦૦,૪૨૯,૩૭૦ ના શેઢે થઈ ૩૭૧, ૩૭૨ ના શેઢા પર થઈને ૩૭૪,૩૭૭,૩૭૫,૩૬૩, ૩૭૬ તથા ૩૭૯ ઉપર જવા આવવા ગણેશ સુગરના જુના પેટ્રોલપંપ ને અડીને આવેલા શેરડીની ટ્રકોના પાર્કીંગ અને રાખ નાખવાની ખુલ્લી જમીનના શેઢે થઈને ઈન્દીરા નગરની ઉતર તરફ થઈને કાયમી રસ્તો દાવા સાથે શીડયુલડમા દર્શાવેલી વિગતે ચાલી આવેલોછે. તેવી હકીકત અમો વાદીએ અમાર દવા અરજી તેમજ તેઅની સોગદ પરની જુબાનીમા પણ જાહેર કરેલીછે. સદર હકીકત નામદાર કોર્ટના રેકર્ડ ઉપર આવે તે જરૂરી હોય તે કો ખરેખર સ્થળ ઉપર પ્રવર્તમાન સ્થિતીની હકીકતો નામદાર કોર્ટના રેકર્ડ પર રહે તે બાબતે ન્યાય નિર્ણયના કરવામાં સરળતા રહે તેમ છે.

(૩) જેથી સદર કામે નામદાર કોર્ટ તરફથી કમીશન કાઢી વાદીએ તેઓની દાવા તથા જુબાનીમા જણાવેલી હકીકતે પ્રતિવાદીને તેમની અનુકમે બ્લોક ન.૩૭૭ અને ૩૬૩ વાળી જમીન ઉપર જવા આવવા માટે કાયમી અને વર્ષો જુનો કાચી ધરેડનો રસ્તો વટારીયા ગામની ઉતર બ્લોક ન.૪૩૨/અ ,૪૦૦,૪૨૯,૩૭૦ ના શેઢે થઈ ૩૭૧, ૩૭૨ ના શેઢા પર થઈને ૩૭૪,૩૭૭,૩૭૫,૩૬૩, ૩૭૬ તથા ૩૭૯ ઉપર જવા આવવા ગણેશ સુગરના જુના પેટ્રોલપંપ ને અડીને આવેલા શેરડીની ટ્રકોના પાર્કીંગ અને રાખ નાખવાની ખુલ્લી જમીનના શેઢે થઈને ઈન્દીરા નગરની ઉતર તરફ થઈને કાયમી રસ્તો દાવા સાથે શીડયુલડમા દર્શાવેલી વિગતે ચાલી આવેલોછે તે અંગે હાલની સ્થળ સ્થિતીની અંગે પંચનામુ તથા નકશો બનાવી રજુ કરવા કમીશ્નરશ્રીની નીમણુક કરવા સ્થળ સ્થીતી મુજબ હુકમ કરવા નમ્ર અરજ વિંનતી કરેલછે અને તેના ફી ભરવા તેઓ રાજી અને ખુશી છે તેમ જણાવેલછે.

(૪) સદર કામે પ્રતિવાદી ના વિ.વ.શ્રી એચ.એમ.શાહ ધ્વારા મૌખી દલીલો કરી જણાવેલછેકે, સદર કામે વાદી એ હાલની અરજી ખુબજ મોડા સ્ટેજે આપેલીછે અને વધુમાં હાલની અરજી એટલા માટે આપેલછેકે,

વાદી પુરાવો ઉભો કરવા માગેછે વધુમાં વાદી ધાર ત તો આ અરજી દાવા દાખલ વખતે અથવા આંક–૫ ના નિર્ણય સુધી આપી શકેલ હોત પરતું તેમ કરેલ નથી. હવે આ કામે વાદીના વધુ પુરાવાનુ સ્ટેજ છે અને વાદીએ વધુ સાહેદ રજુ કરવાનાછે. અને હાલની અરજી આપેલછે જેથી વાદીએ પુરાવો ઉભો કરવા આપેલ જ છે. વધુમા વાદી એ તેઓની જગ્યાની એન.એ. પરવાનગી લીધેલ તેમા કલેકટર ધ્વારા નવ ફુટ ની જગ્યા છોડવાની શરતો મુકેલ છે અને વધુમા જેથી વાદીએ હાલની અરજી પ્રોસેસ નો દુર ઉપયોગ કરવા આપેલ હોવાનુ જણાયછે. વધુમાં વાદીએ સાક્ષી રજુ કરવાની જગ્યાએ હાલની અરજી આપેલછે વધુમાં વાદીએ શુધ્ધ બુધ્ધી થી હાલની અરજી આપેલ નથી. અને ડોકયુમેન્ટ મુજબ વિષય વસ્તુ રજુ કરી શકેછે અને તે મુજબ નિર્ણય થઈ શકેછે. અને જેથી હાલની અરજી ખર્ચ સહીત રદ કરવા દલીલો કરેલછે.

(૫) આ કામે વાદી તર્ફે આંક–૧૧૩ થી લેખીત દલીલો રજુ કરેલછે જે જોતા અરજી મુજબ પણ હકીકત જણાવેલછે. અને વધુમાં જણાવેલછેકે, સત્યતાને ચકાસવા અને રેકર્ડ પર ખરી હકીકત લાવવા જરૂરીછે. અને અરજીના મથાળા ની કાયદાની જોગવાઈમા પણ તેમ જણાવેલછે તેવી દલીલછે. અને તેઓની દલીલમાં સાલઈટેશન Southern Command MesEmpolyees Co-op Crdit Society Vs. V.K.Nambiar -1988 2 SCC = AIR 1988 SC 2126 હાલની અરજી મંજુર કરવા દલીલો કરેલછે.

(૬) આ કામે વાદીની દાવા ની અરજી ની હકીકત તેમજ હાલની અરજી ધ્યાને લીધી તેમજ ઉપરોકત પ્રતિવાદીના વિ.વ.શ્રી ની મૌખીક દલીલો ધ્યાને લીધી. તેમજ સીવીલ પ્રોસીજર કોડ ની કલમ–૭૫ અને ઓર્ડર ૨૬ રૂલ–૯ નીજોગવાઈ ધ્યાને લીધી. વધુમા હાલનો કેસ સને–૨૦૧૭ ની સાલનોછે અને કેસ નુ સ્ટેજ હાલમાં વાદીના વધુ સાહેદ ની જુબાની રજુ કરવા માટેછે. વધુમાં વાદીની અરજીની હકીકત મા જણાવેલછેકે, '' **<u>પ્રતિવાદીને તેઓની જમીન ઉપર જવા આવવા માટે કાયમી અને વૈકલ્પીક રસ્તો મોજુદ અને ચાલુ હાલતમાં છે તેમ છતાં વાદીની જમીનમાં નવો રસ્તો ઉભો કરવા કોશીષ કરેલી તે કારણે હાલનો દાવો પડતરછે. અને વધુમા જણાવેલછેકે, પ્રતિવાદીઓને તેમની જમીન અનુક્રમે બ્લોક ન.૩૭૭ અને ૩૬૩ વાળી જમીન ઉપર જવા આવવા માટે કાયમી અને વર્ષો જુનો કાચી ધરેડનો રસ્તો વટારીયા ગામની ઉતર બ્લોક ન.૪૩૨/અ ,૪૦૦,૪૨૯,૩૭૦ ના શેઢે થઈ ૩૭૧, ૩૭૨ ના શેઢા પર થઈને ૩૭૪,૩૭૭,૩૭૫,૩૬૩, ૩૭૬ તથા ૩૭૯ ઉપર જવા આવવા ગણેશ સુગરના જુના પેટ્રોલપંપ ને અડીને આવેલા શેરડીની ટ્રકોના પાર્કિંગ અને રાખ નાખવાની ખુલ્લી જમીનના શેઢે થઈને ઈન્દીરા નગરની ઉતર તરફ થઈને કાયમી રસ્તો દાવા સાથે શીડયુલડમા દર્શાવેલી વિગતે ચાલી આવેલોછે.</u>**

R.C.S.NO-46/2017 ORDER BELOW-EXH-112

**અને તેઓની દલીલમાં સાલઈટેશન** Southern Command MesEmpolyees Co-op Crdit Society Vs. V.K.Nambiar -1988 2 SCC = AIR 1988 SC 2126 સાથે અત્રેની અદાલત તે રેશીયો સાથે સમર્થન છે પરતું વાદીના હાલના કેસ ની હકીકત જોતા સદરહુ હકીકત હાલના તબકકે વાદીએ તેઓના કેસની સાબીતી માટે આપેલ હોવાનુ પ્રમાણીક પણે માનવુ છે કારણકે, જયારે વાદીએ દાવો સને–૨૦૧૭ ની સાલમાં કરેલ હતો અને વાદીએ આજ હકીકત તો દાવાના સમયે પણ આપી શકેલ હતા અને હવે જે પણ હકીકત જોતા હાલના તબકકે આપેલછે તો એક તબકકે એવુ પણ માની શકાય કે, **વાદીએ તેઓના કેસના પુરાવો રજુ કરવા માટે જ આપેલ હોય** આમ તેથી પ્રતિવાદીઓની જે દલીલો છે તે નહી માનવાને કોઈ કારણ જણાતુ નથી અને જેથી વાદીની અરજી ખર્ચ સહીત રદ કરવી જોઈએ તેવુ અત્રેની અદાલતનુ પ્રમાણીક પણે માનવુ હોય જેથી ન્યાયના હીતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવેછે.

હુકમ

૧. સદરહુ કામે વાદીની હાલની અરજી ખર્ચ સહીત નામંજુર (રદ) કરવામાં આવેછે.

૨. વાદીએ રૂ.૨૦૦૦/–(બે હજાર પુરા) જીલ્લા કાનુની સતા મંડળના, વાલીયા તાલુકા કાનુની સેવા સતા મંડળમા નિભાવવામાં આવે ત્યા જમા કરવવાનો હુકમ કરવામાં આવેછે.

સ્થળ–વાલીયા
તા.૧૪/૮/૨૦૨૪

(હીતેષકુમાર રસીકલાલ ઠકકર)
પ્રિન્સીપાલ સીવીલજજ, વાલીયા
યુનીક જજ કોડ–જી.જે.૦૧૪૪૮